ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૩૮ ટકા

# આ વર્ષે પણ ટ્રેડિશનલ મીઠાઈનો દબદબો

## કાજુકતરી કરતા મોહનથાળ, મગસ, બુંદીના લાડુ, મૈસુર પાકની માંગમાં વધારો : ફરસાણમાં મીકસ ચવાણું, લીલું ચવાણું, ચેવડો, સકકરપારા, ચકરી હોટ ફેવરિટ






ગાંધીનગર, તા.૩૧

દિવાળીમાં મહેમાનોને મોં મીઠું કરાવવા માટે મીઠાઈ મુકવામાં આવે છે. ગાંધીનગરમાં દિવાળીની મીઠાઈમાં કાજુકતરી મુખ્ય ગણાય છે. પરંતુ આ વર્ષે ટ્રેશિનલ મીઠાઈની માંગમાં વધારો નોંધાયો છે. જેમાં મોહનથાળ, બુંદીના લાડુ,મૈસુર પાક, મગસ, ટોપરા પાક, વિગેરેની માંગ પણ વધારે છે. કારણકે આ મીઠાઈઓ લાંબા સમય સુધી ચાલે છે જયારે માવા મીઠાઈઓની માંગ સૌથી ઓછી છે જેનો સંગ્રહ લાંબા સમય સુધી કરી શકાતો નથી તેથી ગ્રાહકો પણ તેની ખરીદી કરતા નથી.

દિવાળી પર્વમાં મીઠાઈઓ ઉપરાંત ફરસાણની પણ ડિમાન્ડ વધારે છે. જેમાં મીકસ ચવાણું, લીલો ચેવડો, ચકરી, સકકરપારા, ફરસી પૂરી, મઠીયા, ચોળાફળી વિના દિવાળી પર્વ અધુરું મનાય છે. આજના સમયમાં ઘરે મીઠાઈ બનાવવાને બદલે બહારથી જ ખરીદીને મહેમાનોને આપવાની પરંપરા થઈ છે. પરંતુ શહેરના કેટલાક ઘરોમાં આજે પણ ઘરે મીઠાઈ બનાવવાની પરંપરા જાળવી રખાઈ છે.

આજની તારીખમાં બજારમાં સેંકડો જાતની મીઠાઈઓ આસાનીથી ઉપલબ્ધ થઈ રહી છે. સુંદર રીતે સજાવીને બોકસમાં મુકેલી મીઠાઈઓ જોતાવેંત ખાવાનું મન થઈ જાય. આમ છતાં કોઈ પણ પ્રસંગે સૌથી પહેલા બુંદીના લાડુ, મોહનથાળ જ સાંભરે જેનું મુખ્ય કારણ એ છે કે લાડવા, મોહથાળ, મગસ, ટોપરાપાક આ આપણી પરંપરાગત મઠાઈ છે. ઘઉંના કરકરા લોટ, ચણાનો લોટ, ગોળ, ઘી, ખસખસ જેવી સામગ્રીઓનો ઉપયોગ કરીને અલગ અલગ રીતે લાડુ બનાવવામાં આવે છે.

| મીઠાઈના ભાવ | |
|---|---|
| મોહનથાળ | ૪૪૦ રૂ. |
| બુંદીના લાડુ | ૪૬૦ રૂ. |
| મૈસુર પાક | ૪૮૦ રૂ. |
| મગસ | ૪૪૦ રૂ. |
| ટોપરાપાક | ૪૮૦ રૂ. |

| ફરસાણના ભાવ | |
|---|---|
| મીકસ ચવાણુ | ૨૪૦ રૂ. |
| ફુલવડી | ૨૨૦ રૂ. |
| લીલું ચવાણું | ૨૪૦ રૂ. |
| સકકરપારા | ૨૦૦ રૂ. |

શહેરમાં મીઠાઈ-ફરસાણની દુકાનોમાં ઘોડાપુર જેવા મળી રહ્યું છે. દિવાળી ગિફટ અને મહેમાન માટેની મીઠાઈઓની ખરીદી કરતા દુકાનોમાં ભીડ જોવા મળી રહી છે. આજે પણ ગ્રાહકો કવોલિટી જોઈને જ મીઠાઈની ખરીદી કરી રહ્યા છે. મધ્યમ વર્ગને પરંપરાગત મીઠાઈઓમાં મોહનથાળ, બુંદીના લાડુ, મગસ, ટોપરાપાક જેવી મીઠાઈ વધારે પોસાય છે. જે લાંબા સમય સુધી ટકી રહે છે તેથી મધ્યમ વર્ગ સૌથી વધારે પરંપરાગત મીઠાઈની ખરીદી કરે છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે મીઠાઈના ભાવમાં ૧૫થી ૨૦ ટકાનો ભાવ વધારો થયો છે. જેના કારણે અનેક મીઠાઈની કિંમત આ વર્ષે ૧૦૦૦ રૂપિયાથી પણ વધી ગઈ છે. જેથી ફરસાણ અને મીઠાઈઓની દુકાનમાં દુકાનદારોમાં અનેરો આનંદ છવાયો છે. આ વર્ષે ગયા વર્ષો કરતા દિવાળી પર્વની ધૂમ ખરીદી કરવામાં આવી રહી છે જેથી વેપારીવર્ગમાં ખુશહાલીનો માહોલ જોવા મળી રહ્યો છે.

## વસાહત મહાસંઘ મુકિતધામના કર્મચારીઓને મિઠાઈ વિતરણ કરશે

ગાંધીનગર, તા.૩૧

ભારતીય સંસ્કૃતિનો સૌથી મોટો તહેવાર કહેવાતો દિવાળીનો ઉત્સવ ખુશીઓ વહેંચવાનો અને કોઈકના ચહેરા પર સ્મિત રેલાવવાનો ઉત્સવ છે, આ કારણથી જ પ્રસન્નતાના આ પર્વમાં સેવા કાર્યોનું અનેરું મહત્વ છે. આ પાવન પર્વ નિમિત્તે શહેરમાં નાગરિકોનો અવાજ બની રહેલા સ્વૈચ્છિક સંગઠન ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે શહેર વસાહત મહાસંઘ દ્વારા સેકટર-૩૦ ખાતેના મુકિતધામ સ્મશાનના સફાઈ કર્મચારીઓના પરિવારોને મદદરૂપ થવા દિપાવલી તેમજ નૂતન વર્ષ નિમિત્તે તા.૨જી ઓક્ટોબર મંગળવારે સવારે ૧૦ કલાકે મિઠાઈ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સંસ્થાના હોદેદારો સંલગ્ન સેકટરના વસાહત મંડળોના પ્રતિનિધીઓ સહિત શહેરના આગેવાનોને હાજર રહેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ચિરવિદાય

- **સ્વ. મકવાણા બાબુજી ભેમાજી,** ઉ.વ. ૭૬, ઈન્દ્રોડા
- **સ્વ. ભરવાડ બીજલભાઈ રૂખડભાઈ,** ઉ.વ. ૭૬, ધેધુ, કલોલ
- **સ્વ. દવે મહેન્દ્રભાઈ ગણપતભાઈ,** ઉ.વ. ૬૪, વાવોલ
- **સ્વ. રાવલજી જસવંતસિંહ ઉદેસિંહ,** ઉ.વ. ૭૯, સેકટર-૨
- **સ્વ. પટેલ કાન્તાબેન બેચરદાસ,** ઉ.વ. ૬૫, મગોડી

ગાંધીનગરના મધ્યમાં મુખ્ય માર્ગ 'ઘ' રોડ પર ઘ-૪ જેવા હાર્દ સમા વિસ્તારમાં બનાવાયેલો




અન્ડરપાસ શરૂઆતથી જ કોઈને કોઈ વિવાદમાં સપડાયેલો રહ્યો છે. સતત ભ્રષ્ટાચારના આક્ષેપોમાં રહેલા આ અન્ડરપાસની ગુણવત્તા બાબતે વધુ એકવાર સવાલો ખડાં થઈ રહ્યાં છે. ગઈકાલે રાત્રે ગાંધીનગર મહાનગર પાલિકાના કોર્પોરેટર શૈલાબેન ત્રિવેદીને ઘ-૪ અન્ડરપાસમાંથી વરસાદી પાણીના નિકાલ માટેની ઝાળી તૂટી ગયેલી હોવાના સમાચાર મળતા તેમણે મોડી રાતે સ્થળ પર જઈ કોર્પોરેશનને જાણ કરી હતી અને તાત્કાલિક ઝાળીનું સમારકામ સાથે રહી પુરું કરાવ્યું હતું.


## ગ્રામ શ્રમ યોગી બોર્ડ દ્વારા ઈ- શ્રમ કાર્ડ ઝૂંબેશનો પ્રારંભ



ગુજરાત રાજ્ય શ્રમ વિભાગના ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના નિયંત્રણ હેઠળના ગ્રામ શ્રમયોગી કલ્યાણ કેન્દ્રના કેન્દ્ર સંચાલકો દ્વારા સમગ્ર રાજ્યમાં અસંગઠિત કામદારો માટે ઈ-શ્રમ કાર્ડ આપવાનું ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ બાબતે ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા તા. ૨૮મી ઓક્ટોબરના રોજ વિડિયો કોન્ફરન્સ મિટિંગ યોજાઈ હતી જેમાં ઝુંબેશના ભાગરૂપે વિવિધ જિલ્લામાં ઈ શ્રમ કાર્ડ આપવાનું અને સેવા સેતુ પ્રોગ્રામ દ્વારા સમગ્ર રાજ્યના છેવાડાના અસંગઠિત કામદારોને આવરી લેવામાં ગ્રામ શ્રમયોગી કલ્યાણ કેન્દ્રના કેન્દ્ર સંચાલકો દ્વારા અન્ય તાલુકા મથકોને જિલ્લા કચેરી જોડે સમન્વય સાધી આયોજન કરવામાં આવ્યું હતું. આ સંદર્ભે હાલ અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, કચ્છ, બનાસકાંઠા, મહેસાણા, જૂનાગઢ, મોરબી, રાજકોટ, સાબરકાંઠા સહિત દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

સરકારી વિજ્ઞાન કોલેજમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ ઉજવાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ તેમના સુવિચાર સાથેના પોસ્ટર બનાવ્યા હતા.




આ પ્રસંગે વિદ્યાર્થીઓને ઉત્સાહ અને પ્રેરણા પૂરી પાડનાર કોલેજના આધાર સ્તંભ ડૉ. એમ.જી. ભટ્ટે આ ઈવેન્ટ માટે સપ્તધારાના ચેરમેન ડૉ. કે.બી. પટેલ અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યા હતા.



એસ.જી. પ્રાયમરી ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં ધોરણ-૫ માં દિવાળી નિમિત્તે ઓનલાઈન દીવા બનાવ્યા હતા. જેમાં કલર કરી ટીલડી ચિપકાવીને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# વધુ પડતાં 'ખુલ્લાંપણા'ને કારણે 'અવાવરું' બનેલું શહેરનું સેકટર-૧૩

## ખુલ્લી જગ્યાઓમાં વધેલા ઝાડી ઝાંખરા અને અસંખ્ય ખંડેર-અવાવરું સરકારી આવાસો સાથે રખડતાં ઢોર અને ગેરકાયદેસર ઢોરવાડાંથી ત્રસ્ત સે-૧૩ : બે અન્ડરપાસ વચ્ચે મહાત્મા મંદિર અને ડાયવર્ઝનથી ટ્રાફિક અને અકસ્માતમાં વધારો બન્યો માથાનો દુ:ખાવો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરમાંથી જયારે ભાદરવી પૂનમના અંબાજી ખાતેના મેળામાં પગપાળા ચાલીને જવાની વાત આવે ત્યારે ત્રણ ત્રણ દાયકાથી વધુ સમયથી જેની અવિરત પદયાત્રા યોજાય છે તે સેકટર-૧૩ના જય અંબે પરિવારનો ઉલ્લેખ જરૂર આવે. સેકટર-૧૩ના ફાળે વધુ એક મહત્વ ઉમેરાયેલું છે જે મહાત્મા મંદિર પાટનગરની વૈશ્વિક ઓળખનું એક સોપાન છે. મહાત્માથી માંડીને માતાજી સુધીના આ અનુસંધાનને જોડતું સેકટર-૧૩ શહેરની મધ્યમાં હોવા સાથે પાટનગરની અનેક પ્રવૃત્તિઓમાં વિશેષ યોગદાન ધરાવે છે. જેમાં લીંબચ માતાના મંદિર જેવા અન્ય ધાર્મિક-સામાજિક સ્થળોનો ફાળો પણ નાનો સુનો નથી. આ સેકટરમાં જેટલું 'ખુલ્લાપણું' છે તેટલું 'અવાવરુ' પણ છે અને આ સેકટરની સમસ્યાઓ પણ તેવાજ પ્રકારની છે.

સેકટર-૧૩માં આંટો મારીએ તો મોટે ભાગે ખુલ્લી વિશાળ જગ્યાઓ વધુ જોવા મળે પરંતુ અન્ય સેકટર્સની સરખામણીએ આટલી ખુલ્લી જગ્યાના પ્રમાણમાં વૃક્ષોની સંખ્યા ઓછી જણાય. ખુલ્લા મેદાનોમાં હાલ તો વરસાદી ઝાડી ઝાંખરાનું સામ્રાજય એટલું વિસ્તર્યું છે કે વારંવાર સરિસૃપો નીકળવા કે અન્ય જીવજંતુઓનો ઉપદ્રવ તે સામાન્ય બાબત બની ગઈ છે. માત્ર સરિસૃપો જ નહીં પરંતુ આ સેકટરમાં રખડતાં ઢોરોની સંખ્યા વિશેષ જોવા મળે છે તેનું કારણ કદાચ આ ખુલ્લી જગ્યાઓ જ હશે અને આ કારણે જ સેકટરમાં ગેરકાયદેસર ઢોરવાડાં ઉભા થઈ જવા પામ્યાં છે. આ રખડતાં ઢોરને ડબ્બે પુરવા તંત્રની ટીમ આવે ત્યારે તેનાથી બચાવવા ઢોર માલિકો ઢોરને ભગાડવા દોડે છે અને આ દોડપકડ એટલી નિયમિત થઈ ગઈ છે કે સેકટરવાસીઓને તેમના નાના ભૂલકાંઓને ઘરની બહાર રમવા જવા દેવામાં પણ ઢોરની હડફેટે ચઢી જવાની ભીતિ સતાવે છે. વળી, ઢોરના છાણ-પોદળાંથી વારંવાર સેકટરના આંતરિક માર્ગો ખરડાઈ જાય છે, જેને ઉપાડવાનો સફાઈ કર્મચારીઓ નનૈયો ભણી દે છે જે સરવાળે સેકટરમાં ગંદકી વધારવાનું કામ કરે છે. આમ પણ સેકટર-૧૩માં જાહેર સફાઈમાં ઉદાસીનતા ઉડીને આંખે વળગે તેવી છે અત્યારે સેકટર-૧૩માં જાહેર બગીચાનું રિનોવેશન ચાલી રહ્યું છે જે કાર્ય મંથરગતિએ તો ચાલી રહ્યું જ છે પરંતુ જયારે તૈયાર થઈ જાય ત્યારે તેમાં પેલાં રખડતાં ઢોર ઘુસી ના જાય તેવી વ્યવસ્થા ગોઠવવી જરૂરી જણાય છે જેથી નવા બગીચાની હાલત પણ જુના જેવી ના થાય.

શહેરના ખ રોડની બીજી તરફ રેલવે લાઈનની ઝુંપડપટ્ટીથી માંડીને નવો બનાવેલો અન્ડર પાસ અને મહાત્મા મંદિર પણ જેમાં સમાઈજાય છે તેવા સે-૧૩માં ગેરકાયદેસર ઝુંપડપટ્ટી જેવા દબાણોનો પ્રશ્ન ઉકેલાતો નથી. વળી, આ વસ્તીના કારણે સેકટરની સરકારી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ મોટી રહે છે પરંતુ તેના પ્રમાણમાં શિક્ષકોની સંખ્યા ઓછી હોવાની રાવ ઉઠતી રહે છે જેના કારણે બાળકોના અભ્યાસ પર અસર પડે છે. આ સેકટરમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નથી, બગીચો રંગમંચ રિનોવેશનમાં છે અને સેકટરના મધ્ય વિસ્તારમાં કેટલીક સ્ટ્રીટલાઈટો પણ બંધ હાલતમાં છે. જો કે સેકટર-૧૩માં જો સૌથી મોટી કોઈ સમસ્યા હોય તો તે ખાલી પડેલા ખંડેર અને અવાવરું સરકારી આવાસો છે જેની સંખ્યા પણ ખૂબ વધુ છે અને વિસ્તાર પણ વધુ વિસ્તરાયેલો છે. અઢળક ખંડેર સરકારી આવાસોની સાથે અઢળક ખુલ્લી જગ્યા જેમાં ઉગી નીકળેલી જંગલી વનસ્પતિનો ઉપદ્રવ તથા બંધ સ્ટ્રીટ લાઈટો જેવા પરિબળો અસામાજિક તત્વોને તેમની પ્રવૃત્તિઓ વિસ્તારવા મોકળું મેદાન આપી રહ્યાં છે. આ ખાલી આવાસોને કારણે સેકટરના ચાર પૈકી બે શોપીંગ સેન્ટર તો સાવ નકામા થઈ જવા પામ્યા છે કેમ કે ગ્રાહકોનો અભાવ છે. સે-૧૩માં કેટલાક ભાગમાં ગટર ઉભરાવી, પાણીનો ફોર્સ ધીમો રહેવો, જાહેર સફાઈમાં બેકાળજી, ગેરકાયદેસર દબાણો તેમજ ખુલ્લી જગ્યા છતાં સાંકડા રોડ જેવી સમસ્યાઓ સાથે એક સમસ્યા ખૂબ ચિંતાજનક બની છે તે છે ટ્રાફિકની સમસ્યા.

મહાત્મા મંદિરના કારણે પોરસાતા શહેરીજનો સામે સે-૧૩ના વસાહતીઓ છે જેમના માટે તે સમસ્યારૂપ લાગી રહ્યું છે કેમ કે જયારે પણ ત્યાં કોઈ મોટો કાર્યક્રમ હોય ત્યારે પાર્કિંગ સે-૧૩ના ખુલ્લા પ્લોટ અને કોમનચોક ભરાઈ જાયછે જેનું કારણ મહાત્મા મંદિરની અપૂરતી પાર્કિંગ વ્યવસ્થા છે. વળી હવે તો ખ રોડ અને ક રોડને જોડતો અન્ડરપાસ બની ગયો ત્યારથી ટ્રાફિકનું પ્રમાણ તો વધ્યું છે તેમાં ગ રોડના અન્ડરપાસના નિર્માણકાર્યથી અપાયેલા ડાયવર્ઝનને કારણે વધેલી ટ્રાફિકની સમસ્યાથી વસાહતીઓ ત્રાહિમામ છે. ખ રોડના અન્ડરપાસને તો મુખ્ય રોડ સાથે જોડવામાં સર્કલ બનાવાયું ના હોવાથી ત્યાં વારંવાર અકસ્માતની ઘટનાઓ સર્જાતી જોવા મળે છે. વળી, આ માર્ગેથી મહાત્મા મંદિર પાસેથી સે-૧૩માં પ્રવેશતા ગ્રામ ટેકનોલોજી સંસ્થાવાળા માર્ગે પણ છાશવારે અકસ્માતો સર્જાય છે તેનું કારણ તક્ષશીલા સ્કૂલ અને ગ્રામ ટેકનોલોજી એમ બંને સંસ્થા પાસેના આશરે ૯૦ અંશના વળાંકે બંને સંસ્થાની ઉંચી કમ્પાઉન્ડ વોલ હોવાથી વાહનચાલકોને યોગ્ય 'વિઝન' લેવામાં નડતરરૂપ બને છે. જો આ બંને કમ્પાઉડવોલને ઉપરથી અડધી તોડીને ગ્રીલ નાંખી દેવાનો વિકલ્પ અપનાવાય તો આ અકસ્માતોની સમસ્યા ઉકેલાય તેમ છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com




સેકટર-૧૩માં ગેરકાયદેસર ઢોરોના વાડા અને રખડતાં ઢોરોની સમસ્યા માથાનો દુ:ખાવો બની છે. સેકટરની પ્રાથમિક શાળમાં બાળકોની સંખ્યા સામે શિક્ષકો ઓછા પડે છે જે બાળકોના ભવિષ્ય માટે ચિંતાજનક છે. વળી, આ સેકટરમાં ખંડર બનેલા સરકારી આવાસોની સંખ્યા વધુ હોવાથી અસમાજિક પ્રવૃત્તિઓ ફુલીફાલી છે જેને નાથવા પોલીસ ચોકીની જરૂર છે. વાવોલ અન્ડરપાસને જોડતા ખ રોડ તરફના માર્ગે 'સર્કલ' બનાવાય તો અકસ્માતો નિવારી શકાય.

**- પ્રદિપસિંહ બિહોલા**
**પ્રમુખ, સે-૧૩, વસાહત મંડળ**

●●●

સે-૧૩માં આંતરિક માર્ગ અને સોસાયટીઓમાં જાહેર સફાઈનો અભાવ છે તેમજ પ્લોટ નં. ૮૫૦થી ૯૨૯ સુધીના વિસ્તારમાં વસાહતીઓના દબાણોને કારણે ફાયર કે એમ્બ્યુલન્સ જેવા ઈમર્જન્સી વાહનો પણ પ્રવેશી શકે તેમ નથી. બગીચાનું રિનોવેશન તો થઈ રહ્યું છે પરંતુ તે પછી તેમાં રખડતાં ઢોર પ્રવેશી ન શકે તેવી વ્યવસ્થા કરવી અત્યંત જરૂરી છે.


**- વી.કે. પટેલ**
**વરિષ્ઠ નાગરિક**

●●●

સેકટરમાં વધી ગયેલી જંગલી વનસ્પતિનું કારણ વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થામાં ખામી છે. વળી સે-૧૩માં ગ્રામ ટેકનોલોજી સંસ્થા અને તક્ષશીલા સ્કૂલ વચ્ચેનો વળાંક વારંવાર અકસ્માતો સાથે જોખમી બન્યો છે તેથી બંને સંસ્થાની કમ્પાઉન્ડ વોલને અડધી કરાય તો વાહન ચાલકોને સામેથી આવતા વાહન જોઈ શકાય.

**- હીરાભાઈ પટેલ,**
**પૂર્વ મંત્રી, સે-૧૩ વસાહત મંડળ**






## જન્મદિને વધામણી



**પ્રતાપસિંહ વરવાજી રાઠોડ**
**મો. ૯૭૨૩૩ ૪૯૭૨૧**



**દિલીપકુમાર જી પ્રજાપતિ**
**માસ ફાઈનાન્સ, ગાંધીનગર**



**રાજ અનાયા બા**



**રાજ વિકાસસિંહ**



**વિરેન્દ્રભાઈ મણિયાર**
**ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ**



**દીપ ભટ્ટ**
**મો. ૮૫૧૧૯ ૨૪૯૨૩**



**જૈનિલ ચિરાગ ગોહેલ**
**મો. ૭૮૭૮૦ ૨૪૬૫૬**



**પ્રાર્થના સંજયભાઈ ચુડાસમા**
**મો. ૯૮૯૮૦ ૭૦૬૬૫**



**હેત મનીષભાઈ રૂપાપરા**